## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય આજે જિલ્લા નાગરિક પુરવઠા સલાહકાર સમિતિની બેઠક દરમ્યાન તોલમાપ તંત્રની કામગીરીને લઈ નારાજગી વ્યક્ત કરી હતી.
- ૨૦૨૦-૨૧માં જિલ્લા કક્ષાના આયોજન કરવાના થતા કામો અંગે આજે કલેક્ટરે પ્રાથમિક ચર્ચાઓ ધારાસભ્યોને સાથે રાખી કરી હતી. એકાદ સપ્તાહમાં આ અંગે પુનઃ બેઠક બોલાવવાની તેમને હૈયાધારણ આપી હતી. રૂ. ૧.૫૦ કરોડના કામોનું આયોજન જિલ્લા કક્ષાએથી કરવાનુ હોય છે.
- પ્રધાનમંત્રી જન આરોગ્યના જિલ્લામાં થઈ રહેલ અમલીકરણને લઈ દિલ્હીથી સાત જેટલા અધિકારીઓની ટીમ ગાંધીનગર આવી હતી. તેણે આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે વિસ્તૃત બેઠક કરી હતી અને તંત્રએ પણ તેમને પડતી મુશ્કેલીઓને લઈ ખુલ્લા મને ચર્ચા કરી હતી.
- ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીમાં કાર્યરત વિદ્યાર્થી સેવા કેન્દ્રની સેવાઓ ઓનલાઈન કરવાનો શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સોમવારે પ્રારંભ કરાવશે.
- ગાંધીનગર શહેરમાં ઉભરાતી ગટરોની સમસ્યા જિલ્લા ફરિયાદ વ સંકલન સમિતિની બેઠકમાં પણ ચમકી હતી.
- શિક્ષકોની વધ-ઘટ અંગે બદલીના કેમ્પો તાત્કાલિક યોજવાની માંગ શિક્ષકો દ્વારા કરવામાં આવી છે. આ માટે પ્રા.શિ. નિયામકને પત્ર પણ લખ્યો છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આવી હેરસ્ટાઈલ કરવાનાં કેટલા લેશો...??

# રાજ્યપાલ પેથાપુરમાં પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતો સાથે વાત કરશે

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યના રાજ્યપાલ મહામહિમ આચાર્ય દેવવ્રતજી સોમવારે ગાંધીનગર જિલ્લાના કેટલાક પ્રગતિશીલ ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતી અંગે વાત કરશે.

મળતી વિગતો પ્રમાણે પેથાપુરમાં આવેલ સ્વામિનારાયણ ગૌશાળા ખાતે આ અંગે યોજાયેલ એક કાર્યક્રમમાં તેઓ વિશેષ હાજર રહી અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે ખુલ્લામને વાતો કરશે તેમજ આ માટે જરૂરી પ્રેરણા પણ આપશે. સ્વામિનારાયણ ગૌશાળામાં ૭૦ જેટલી ગામો છે તેમજ અહિ પ્રાકૃતિક ખેતી પણ કરવામાં આવી રહી છે. જો કે ખાસ કરીને ઓર્ગેનિક ખેતી આ ગૌશાળાના સંચાલકો દ્વારા થાય છે.

મહામહિમ રાજ્યપાલશ્રી પેથાપુર જઈ રહ્યા હોવાથી જિલ્લાતંત્ર પણ હરકતમાં આવી ગયુ છે અને આ માટેની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.



**આદર્શ નિવાસી શાળામાં વેલેન્ટાઈન ડે ના દિવસે વૃક્ષોને નાડાછડી બાંધી ઉજવણી કરાઈ**

આદર્શ નિવાસી શાળા (અ.જા. કુમાર) અને વનશ્રી ટ્રસ્ટ દ્વારા વેલેન્ટાઈન ડે ની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. ૧૪મી ફેબ્રુઆરી વેલેન્ટાઈન ડે તરીકે ઉજવાય છે. ઉજવણીના ભાગરૂપે આદર્શ નિવાસી શાળાના બાળકોએ શાળાના પ્રાંગણમાં રહેલા વૃક્ષોને નાડાછડી બાંધી હતી અને વૃક્ષની સાચવણી-પર્યાવરણ જાળવણીની પ્રતિજ્ઞા લીધી હતી. વૃક્ષ અને મનુષ્ય જાતિ પ્રાણી-પક્ષી અને કીટકો માટે ખુબજ ઉપયોગી છે. પ્રાણવાયુ મળે છે. આ કાર્યક્રમમાં વાઈલ્ડલાઈફ વોર્ડન શ્રીમતી અંજનાબેન નિમાવત અને સી.ડી.આઈ. ઈન્સ્ટ્રક્ટર એન્ડ ઓફિસર કમાડીંગ રીસોર્સ સર્વિસના ઉત્કર્ષ ગુપ્તા દ્વારા સંચાલન કરવામાં આવ્યુ હતુ. આચાર્ય, શિક્ષકગણ વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો.

# ટ્રમ્પ નિર્ધારિત સમય કરતાય વધારે રોકાય તેવી સંભાવના

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આગામી તા.૨૪મી ફેબ્રુઆરીએ ગુજરાતની ધરતી પર આગમન કરી રહ્યા છે ત્યારે તેમની આ મુલાકાત દરમ્યાન અમદાવાદ શહેરમાં સાડા ત્રણ કલાકથી વધુ સમય ગાળવાના છે, જે નોંધનીય બાબત મનાઈ રહી છે. આ સાડા ત્રણ કલાકથી વધુ સમયગાળામાં તેમનો વડાપ્રધાન મોદી સાથેનો રોડ શો, ગાંધીઆશ્રમની મુલાકાત અને મોટેરા સ્ટેડિયમમાં એક લાખથી વધુ જનમેદની વચ્ચે કેમ છો ટ્રમ્પ કાર્યક્રમનો સમાવેશ થાય છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખની મુલાકાતને લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજ્ય સરકાર, પોલીસ તંત્ર સહિતનું સમગ્ર વહીવટી તંત્ર તમામ રીતે તૈયાર અને એકદમ સુસજ્જ જોવા મળી રહ્યું છે. પોલીસ અને સુરક્ષા એજન્સીઓને તો ટ્રમ્પની મુલાકાતને લઈ અત્યારથી જ એલર્ટ મોડ પર મૂકી દેવામાં આવી છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના ગુજરાત પ્રવાસ દરમિયાન અમદાવાદમાં ૩-૩૦ કલાકથી વધુ સમયગાળાનું રોકાણ કરવાના છે, જેમાં તેઓ રોડ શોમાં અડધો કલાક, ગાંધીઆશ્રમમાં ૩૦ મિનિટ અને મોટેરા સ્ટેડિયમમાં કેમ છો ટ્રમ્પ કાર્યક્રમમાં ૨-૩૦ કલાક રોકાય તેવું હાલનુ આયોજન છે. આ સમયગાળામાં વધઘટ થઈ શકે છે, તેને લઈને તંત્રએ પણ જરૂરી તૈયારીઓ કરી રાખી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ તા.૨૪મી ફેબ્રુઆરીના રોજ બપોરે ૧૨ વાગે અમદાવાદ એરપોર્ટ પર આવશે. રોડ શો મારફત અડધા કલાકમાં ત્યાંથી સીધા ગાંધી આશ્રમ જશે, જ્યાં તેઓ ગાંધી આશ્રમની સાથે રિવરફ્રન્ટનો નજારો નિહાળીને રવાના થશે, ત્યારબાદ તેઓ મોટેરા સ્ટેડિયમનું ઉદ્‌ઘાટન કરીને મોટેરા સ્ટેડિયમમાં જ કેમ છો ટ્રમ્પ કાર્યક્રમમાં જશે, જ્યાં બે-અઢી કલાક રોકાશે.

# કેમ છો ટ્રમ્પ કાર્યક્રમમાં ત્રણ કલાક પહેલા પહોંચવું પડશે

ડોનાલ્ડ ટ્રમ્પ અને મોદીની અમદાવાદની મુલાકાતને લઈ પોલીસે તૈયારીઓ કરી દીધી છે. કાર્યક્રમને લઈ ડીસીપી વિજય પટેલે માહિતી આપતાં જણાવ્યું કે, રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની ગુજરાત મુલાકાતને લઈને તૈયારીઓ ચાલી રહી છે. ૨૫ આઈપીએસ, ૨૦૦ પીઆઈ, ૮૦૦ પીએસઆઈ અને ૧૦૦૦૦થી વધુ પોલીસ કર્મીઓ સહિતનો બંદોબસ્ત અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, વડાપ્રધાન મોદી સહિતના મહાનુભાવોને લઈ સુરક્ષા વ્યવસ્થામાં ખડકાશે. એરપોર્ટ પર તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. પોલીસ તંત્ર દ્વારા સુરક્ષાને લઈ તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. તમામ મહાનુભાવોની ફુલપ્રુફ સુરક્ષા વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે. સૌથી નોંધનીય વાત એ છે કે, મોટેરા સ્ટેડિયમ ખાતે યોજાનારા કાર્યક્રમમાં આમંત્રણ વિના કોઈપણને એન્ટ્રી મળશે નહીં. કાર્યક્રમના ત્રણ કલાક પહેલા જ આમંત્રિત લોકોએ પ્રવેશ લઈ લેવો પડશે. સાથે સ્ટેડિયમમાં પાણીની બોટલ તેમજ ખાણીપીણી સહિતની વસ્તુઓ લઈને કોઈને પણ જવા દેવામાં આવશે નહી. ઉપરાંત, મહાનુભાવો અને આમંત્રિતોના આગમનને લઈ મોટેરા સ્ટેડિયમ પાસે દોઢથી બે કિલોમીટર વિસ્તારમાં ૨૮ પાર્કિંગ પ્લોટ બનાવવામાં આવ્યા છે, જેથી વાહનોનું પાર્કિંગ વ્યવસ્થિત રીતે થઈ શકે અને ટ્રાફિકનો કોઈ પ્રશ્ન ના સર્જાય. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ અમદાવાદ એરપોર્ટથી સાબરમતી સ્થિત ગાંધી આશ્રમની મુલાકાતે જશે.


**જાહેરાત**

ક્લિન એગ્રો ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના નીચે મુજબના ઉલ્લેખ કરેલ પાણીમાં સંપૂર્ણપણે વિદ્રાવ્ય મિશ્ર ખાતરના (100% WATER SOLUBLE MIXTURE OF FERTILIZER) આયાત કરીને ગુજરાત રાજ્યમાં વેચાણ કરવાના છીએ. N.P.K. 13:40:13, N.P.K. 18:18:18, N.P.K. 13:5:26, N.P.K. 6:12:36, N.P.K. 20:20:20, N.P.K. 19:19:19, N.P.K. 12:30:15, N.P.K. 12:32:14, N.P.K. 10:50:06, N.P.K. 26:05:12, N.P.K. 06:21:36, N.P.K. 12:09:34, Urea Phosphate with SOP 18:18:18, N.P.K.Zn (7.6:23.5:7.6:3.5) N.P.K. Zn B (12:0:42:0.7:0.3), Potassium Schemata, ઉપરના ઉત્પાદનોની ગુણવત્તા THE FERTILIZER (CONTROL) ORDER 1985 મુજબ NOTIFICATION NO. S.O. 4120 (E) DT. 30-12-207 મુજબ રહેશે.

CAFC

**CLEAN AGRO FERTILIZER AND CHEMICAL PRIVATE LIMITED**

CIN : U24120GJ2010PTC063068

PLOT NO. 148/1, NR. KHUSHBU PLYWOOD, OPP. GOLDENINDUSTRIAL ESTATE, CHHATRAL-KADI ROAD, DHANOT, KALOL-382729. CONTACT : 02764-233999





સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# કડક કાયદા મજબૂત વ્યવસ્થા, સરકારે દ્રઢ કરી જનતાની આસ્થા...

**જનસામાન્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ગુજરાતમાં ગૃહવિભાગની ગૌરવપૂર્ણ કામગીરી**

CALL 181 WOMEN HELPLINE
ADVICE • RESCUE • COUNSELING

### મહિલા સુરક્ષા

**ગુજરાતમાં સ્ત્રીઓ અડધી રાત્રે પણ ફરી શકે છે કારણ કે**

- **૧૮૧ અભયમ્ હેલ્પલાઈન :** એક ફોન કોલ અને મહિલાની સુરક્ષા માટે પોલીસ હાજર
- **વન સ્ટોપ સેન્ટર :** પીડિત મહિલાને એક જ જગ્યાએ (૨૪X૭) મળી રહી છે કાયદાકીય સહાય, પોલીસ સહાય તબીબી સહાય, સામાજિક સમસ્યામાં પરામર્શ
- **મહિલા સુરક્ષા સમિતિ :** મહિલાઓ પર થતા અત્યાચારને રોકવા રાજ્ય કક્ષાએ ઉપરાંત શહેર/જિલ્લા/તાલુકા/ગ્રામ્ય કક્ષાએ પણ મહિલા સુરક્ષા સમિતિનું ગઠન
- **મહિલા સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ :** આત્મ સુરક્ષા માટે મહિલાઓને અપાઈ રહી છે તાલીમ

### સશક્ત પોલીસ + ડિજિટલ ટેકનોલોજી = સુરક્ષા (૨૪X૭)

**શાંતિ અને સલામતી વિકાસના મુખ્ય બે આધાર**

- ઈ-ગુજકોપ પ્રોજેક્ટ
- FIR થી લઈને ચાર્જશીટ સુધીની તપાસની સંપૂર્ણ કામગીરી ઓનલાઈન
- પોલીસની કામગીરીમાં પારદર્શિતા આવી, ૨૪ કલાકમાં FIR ઓનલાઈન ઉપલબ્ધ
- Pocket Cop પ્રોજેક્ટ
- પોલીસ સ્ટેશનનો તમામ ડેટા મોબાઈલ એપ્લિકેશનમાં






### Pocket Cop પ્રોજેક્ટના ફાયદા

**તમારી પોલીસ, તમારા દ્વારે... તમારી સેવામાં**

- **પાસપોર્ટ વેરીફિકેશનમાં સરળતા :** નાગરિકોને પોલીસ સ્ટેશન બોલાવ્યા વગર તેમના ઘરે જઈને પોલીસ કરી રહી છે પાસપોર્ટ વેરીફિકેશન તથા પાસપોર્ટ વેરીફિકેશનની સંપૂર્ણ પ્રક્રિયા ૨ થી ૫ દિવસમાં પૂર્ણ કરવાની વ્યવસ્થા
- પોલીસ ગુનાની તપાસમાં સચોટ અને ઝડપી નિર્ણય લઈ શકે તે માટે ઈ-ગુજકોપનો ડેટાબેઝ મોબાઈલ એપ્લીકિશનમાં ઉપલબ્ધ
- વાહનચોરીના અનેક ગુના શોધવામાં સફળતા

### સીટીઝન ફર્સ્ટ મોબાઈલ એપ




**"સીટીઝન ફર્સ્ટ"- પોલીસ તંત્રનો એક જ મહામંત્ર**

- નાગરિકોને પોલીસને લગતી સેવાઓ મળી રહી છે ઓનલાઈન : જેમાં ગુમ થયેલ વ્યક્તિની અરજી, ભાડૂઆતની નોંધણી, એફ.આઈ.આર.ની કોપી જેવી ૧૬ સેવાઓ ઓનલાઈન ઉપલબ્ધ
- પોલીસ સ્ટેશન CCTV પ્રોજેક્ટ : રાજ્યના ૬૧૯ પોલીસ સ્ટેશન ૭૩૨૭ CCTV કેમેરાથી સજ્જ
- પોલીસનો નાગરિકો સાથેનો વ્યવહાર વધુ સંવેદનશીલ અને પારદર્શક બને તે માટે સોશિયલ મીડિયા દ્વારા નાગરિકો જોડે સીધો સંવાદ

VISWAS
Video Integration and State Wide Advanced Security

### VISWAS પ્રોજેક્ટ

**સૌનો સાથ... સૌનો વિશ્વાસ**

- રાજ્યના ૩૪ જિલ્લા મુખ્ય મથકો, ૬ પવિત્ર યાત્રાધામો અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી મળી કુલ ૪૧ સ્થળોએ ૧૨૩૮ જંક્શનો ઉપર ૭૦૦૦થી વધુ CCTV કેમેરા
- યુનિફાઈડ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર

### AASHVATS પ્રોજેક્ટ

CYBER AASHVAST
Assured Assistance Service Helpline for Victims At Shortest Time

**નવા પડકારોને પહોંચી વળવા, નવા સમાધાન**

- સાઈબર ક્રાઈમથી પીડિતોને હવે **૧૦૦ અને ૧૧૨** નંબર પર કોલ કરવાથી મળશે તાત્કાલિક સહાયતા
- **એન્ટી સાઈબર બુલિંગ યુનિટ** આપશે સાઈબર બુલિંગના ત્રાસથી રાહત
- **સાઈબર સુરક્ષા લેબ** દ્વારા તમારા મોબાઈલ ફોન અને બીજા ડિજિટલ સાધનોની ઓનલાઈન છેતરપીંડીથી બચાવ

ગુજરાત પોલીસ "સર્વોચ્ચ રાષ્ટ્રપતિ નિશાન" પુરસ્કાર થી સમ્માનિત

સેવા સુરક્ષા શાંતિ
GUJARAT POLICE



## નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

રાજ્યમાં કાયદા અને વ્યવસ્થાની અસરકારક જાળવણી દ્વારા પોલીસ તંત્ર ઉપર પ્રજાનો વિશ્વાસ વધુ મજબૂત બને તથા પોલીસ પ્રજાની મિત્ર બને તેના માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે

– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત